અભ્યાસ પ્રશ્નોત્તરી

પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના ઉત્તર માટે આપેલા વિકલ્પોમાંથી સાચો ઉત્તર શોધો.

(1) રવિશંકર વ્યાસ ને ‘મહારાજનું બિરુદ કોણે આપ્યું?

(ક) રાજાએ (ખ) બ્રાહ્મણોએ (ગ) લોકોએ (ઘ) બહારવટિયાઓ

(2) ધીમે ધીમે રાજકીય પ્રવૃત્તિને સ્થાને મહારાજના જીવન માં શાનો પ્રવેશ થયો?

(ક) રાજસત્તાનો (ખ) લોકપ્રવૃત્તિનો (ગ) ધાર્મિક પ્રવૃત્તિનો (ઘ) આર્થિક પ્રવૃત્તિનો

(3) રવિશંકર મહારાજ “માણસાઈના દીવા' કોણે કહ્યા છે?

(ક) ગાંધીજીએ (ખ) ઝવેરચંદ મેઘાણીએ (ગ) મહેન્દ્ર મેઘાણી (ઘ) ધીરુભાઈએ

પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ઉત્તર એક-એક વાક્યમાં આપો :

(1) બાળપણમાં રવિશંકર મહારાજનો સ્વભાવ કેવો હતો?

ઉત્તર : બાળપણમાં રવિશંકર મહારાજનો સ્વભાવ સાહસિક, નીડર, દયાળૂ અને પરગજુ હતો.

(2) મહારાજ કામ કરવાની કઈ ખૂબી ધરાવતા હતા?

ઉત્તર: મહારાજ જે કામ હાથમાં લેતા તેમાં પોતાનો આત્મા રેડી દઈને કાર્ય કરવાની ખૂબી ધરાવતા હતા.

(3) જોગણ ગામમાં મહારાજ શું જોયું?

ઉત્તર : જોગણ ગામમાં રવિશંકર મહારાજે ગરીબી અને ગંદકી જોઈ.

( 4 ) મહારાજ 'મૂકસેવક' તરીકે શા માટે જાણીતા છે ?

ઉત્તર : કશી પ્રસિદ્ધિ વિના, કોઈની પ્રશંસાની ઇચ્છા વિના, મૂંગા-મૂંગા લોકસેવા કરવી એ મહારાજ નો જીવનમંત્ર હતો, તેથી તેનો 'મૂક સેવક' તરીકે જાણીતા છે.

પ્રશ્ન 3. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :

(1) રવિશંકર વ્યાસ ને ‘મહારાજનું બિરુદ કેમ મળ્યું?

ઉત્તર : રવિશંકર વ્યાસ લોકહિતના અનેક કાર્યો કર્યા. સમાજમાં નિઃસ્વાર્થ ભાવે વિવિધ પ્રવૃત્તિઓ કરી, એ રીતે રવિશંકરે લોકોના હૃદયમાં સ્થાન પ્રાપ્ત કર્યું, તેથી લોકો દ્વારા તેમને 'મહારાજ નું બિરુદ મળ્યું. '

(2) ઝવેરચંદ મેઘાણીએ મહારાજ માણસાઈના દીવા' કેમ કહ્યા?

ઉત્તર : મહારાજને માણસ અને તેની માણસાઈમાં શ્રદ્ધા હતી, ચોર હોય કે બહારવટિયો, મહારાજ એને મળીને એનામાં પરિવર્તન લાવીને જ રહેતા. કોતરોમાં ફરીફરીને એમણે બહારવટિયાઓને સુધાર્યા. એમના હૃદયની માણસાઈને બહાર લાવ્યા. તેથી ઝવેરચંદ મેઘાણીએ મહારાજ “માણસાઈના દીવા' કહ્યા,

(3) મહારાજ કઈ કઈ આપત્તિ સમયે મદદે દોડી જતા?

ઉત્તર : ક્યાંક નદીમાં પૂર આવ્યું હોય કે ભારે ધરતીકંપ થયો હોય, ક્યાંક કારમો દુકાળ પડ્યો હોય કે ભયાનક રોગચાળો ફેલાયો હોય, ક્યાંક કોમ કોમ વચ્ચે રમખાણો થયા હોય – મહારાજ આવી કોઈ પણ પ્રકારની આપત્તિ સમયે લોકોની મદદે દોડી જતા.

સ્વાધ્યાયના પ્રશ્નોત્તરી

પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના ઉત્તર આપો :

(1) રવિશંકર મહારાજના બાળપણ ના કયા સંસ્કારો તેના પર અસર કરી?

ઉત્તર : રવિશંકર મહારાજનું હૃદય બાળપણથી જ ગરીબ અને દુઃખી જીવન જોઈને દુઃખી થવું. બાળપણથી જ છે નીડર અને સાહસિક હતા. પિતાજી પાસેથી તેઓ જીવનમાં સારી ટેવો કેળવવાની શીખ્યા હતા. માતા પાસેથી તેમને ખૂબ ચાવીને ખોરાક ખાવો’ એ આરોગ્યની ચાવી પ્રાપ્ત થઈ હતી; ઘર તેમજ ખેતીનાં દરેક કામ શરમ, સંકોચ કે નામ વિના હોંશથી તે ઉપાડી લેતા, બાળપણના આ સંસ્કારોએ રવિશંકર મહારાજના જીવન પર અસર કરી હતી.

(2) મૂકસેવક મહારાજ લોકસેવા નાં કયાં કયાં કાર્યો કર્યા?

ઉત્તર : મૂકસેવક રવિશંકર મહારાજ લોકસેવાના અનેક કાર્ય ક્યાં, અનાથાશ્રમ માટે ફાળો ઉઘરાવ્યો, ગામોમાંથી ગરીબાઈ અને ગંદકી દૂર કરવાનો પ્રયત્ન કર્યો. ચોર અને બહારવટિયા નાં હૃદય પરિવર્તન

કરાવ્યો, કુદરતી આફતોમાં લોકોને મદદ ની દુષ્કાળમાં લોકો માટે પાણી અને ખોરાકની વ્યવસ્થા કરી. કૉલેરાના દર્દીઓને મદદ કરી, હુલ્લડોમાં શાંતિ સ્થાપવા માટે પોતે ફર્યા.

(3) રવિશંકર મહારાજના કાર્યોથી સમાજના લોકોને શું લાભ થયો?

ઉત્તર : રવિશંકર મહારાજ નાં કાર્યોથી અનાથાશ્રમ ને આર્થિક મદદ મળી ગામડાંમાંથી ગરીબી અને ગંદકી દૂર થયાં. દૂષણો દૂર કરવા તે ગામડે-ગામડે ફર્યા તેમણે ચોરોને ચોરી છોડાવી અને બહારવટિયાનું લૂંટફાટ કરવાનું કામ છોડાવ્યું.  કુદરતી આફત વખતે લોકોને રવિશંકર મહારાજની ભારે હૂંફ અને મદદ મળતી

(4) રવિશંકર મહારાજની હિંમતના દર્શન ક્યા પ્રસંગમાં થાય છે?

ઉત્તર : ઈ. સ. 1941 અને ઈ.સ. 19464 માં અમદાવાદમા મોટા હુલ્લડ થયા. માણસો હેવાન બની અંદરોઅંદર લડતા હતા, કાપાકાપી ચાલતી હતી, એ વખતે મહારાજ નિર્ભય બનીને સૂમસામ શેરીઓમાં ફરતા અને લોકોને સમજાવતા. હુલ્લડમાં અનેક માણસો મૃત્યુ પામ્યાં, એમનાં શબોનો મહારાજે જાતે અગ્નિસંસ્કાર કર્યો. આ પ્રસંગમાં રવિશંકર મહારાજની હિંમતના દર્શન થાય છે..

(5) રવિશંકર મહારાજનો જીવન મંત્ર શું હતો?

ઉત્તર : 'કાંતેલી ખાદીના સાદા વસ્ત્રો પહેરવા, સાદું ખાવુંપીવું અને સાદાઈથી રહેવું" – એ રવિશંકર મહારાજ નો જીવનમંત્ર હતો.

(6) 'મહારાજ' શબ્દના જુદા જુદા અર્થ લખો.

ઉત્તર : 'મહારાજ' શબ્દના જુદા જુદા અર્થ : (1) મોટો રાજા, સમ્રાટ (2) રસોઇયો (3) સંત-મહંત (4) યજમાનવૃત્તિ કરનાર ગોર,

(7) દિવસરાત, અંધશ્રદ્ધા, ઝાડાઉલટી, જીવનધર્મ - આ શબ્દો સાથે સાથે કેમ લખાય છે?

ઉત્તર: સામાસિક શબ્દો ભેગા લખાય છે. દિવસરાત, અંધશ્રદ્ધા, ઝાડાઉલટી તેમજ જીવનધર્મ સામાસિક શબ્દ છે, તેથી સાથે સાથે લખાય છે.

પ્રશ્ન 2. સૂચના પ્રમાણે લખો

(1) પાઠમાં વપરાયેલ શબ્દ ગામડેગામડે, કાચોપોચા જેવા બીજા શબ્દો શોધીને લખો. આ શબ્દોનો વાક્યમાં પ્રયોગ કરો.

ઉત્તર : શબ્દો : ભમીભમીને, ઘેરઘેર, નાનાંમોટાં, ખૂંદતાં ખૂંદતાં, પલળતાં પલળતાં , ધ્રુજતા ધ્રુજતા, ધીમેધીમે, ખાવાપીવાનું, ચાવીચાવીને, અંદરોઅંદર, ટપોટપ, મૂંગામૂંગા.

**શબ્દો અને તેના વાક્યપ્રયોગ** : **ભમીભમીને** અમે ખૂબ જ થાકી ગયા હતાં. અમે **ઘેરઘેર** ફરી નાનાંમોટાં સૌને આ મંદિર વિશે પૂછવું. કાદવ **ખૂંદતાં ખૂંદતાં** અમે આગળ **પલળતા પલળતા** જ જવું પડે તેમ હતું. ઠંડીથી **ધ્રૂજતાં ધ્રુજતા** **ધીમેધીમે** અમે મંદિર પહોંચ્યા. **ખાવાપીવાનું** પતાવ્યું. **ચાવીચાવીને** ખાવું શક્ય નહોતું. **અંદરોઅંદર** એકબીજાને મદદ કરી. **ટપોટપ** કામ પતાવ્યું. પછી સો **મૂંગામૂંગા** ચાલવા માંડ્યાં.

(2) બે વાક્યો વચ્ચે 'અને', 'પણ', 'પરંતુ' જેવા શબ્દો મૂકી અર્થપૂર્ણ ફકરો બનાવો.

ઉત્તર: અર્થપૂર્ણ ફકરો :

ભમીભમીને અમે ખૂબ થાકી ગયા હતા, અમે ગામમાં ઘરે ઘરે ફર્યા અને નાનાં મોટા સૌને પૂછ્યું પણ કોઈએ મંદિર બતાવ્યું નહિ, અમે ધીમે ધીમે ચાલતાં હતા, ત્યાં વરસાદ પડ્યો તેથી ખૂબ કાદવ થયો. કાદવ હતો છતાં અને અમે ખૂંદતાં ખૂંદતાં આગળ ચાલ્યાં. પલળતા પલળતા અને ધૃજતાં ધૃજતાં અમે મંદિરે પહોંચ્યા. ભૂખ લાગી હતી પરંતુ ચાવી ચાવીને ખાવું શક્ય નહોતું તેથી ઝડપથી ખાવાનું પતાવ્યું. સૌએ એકબીજાને મદદ કરી અને ટપોટપ કામ પતાવ્યું ત્યારબાદ સૌ મૂંગાં મૂંગાં ચાલવા માંડ્યા.

પ્રશ્ન 3. નીચેના કોષ્ટક માંથી અર્થપૂર્ણ શબ્દ બનાવો, શબ્દોને શબ્દકોશના ક્રમમા ગોઠવો:

ઉત્તર :

અર્થપૂર્ણ શબ્દ : જનક. કરા. હાર, રજ, મહારાજ, સરસ, મૂક, દાદા, પૂજ્ય, કણી, સેવક, તક, કર, હદ..

શબ્દકોશ પ્રમાણે ગોઠવણી : કણી, કર, કરા, જનક, તક, દાદા , પૂજ્ય ,મહારાજ, મૂક, રજ, સરસ, સેવક, હદ, હાર

પ્રશ્ન 4. તમારા વિસ્તારની પરોપકારી વ્યક્તિ વિશે પાંચ-સાત વાક્યો લખો

ઉત્તર : અતુલભાઈ મારા વિસ્તારની એક પરોપકારી, સેવાભાવી વ્યક્તિ આ એમના સાદગીભર્યું જીવન સાથે ત્યાગ, સમર્પણ અને સેવાના ગુણ વણાયેલા છે. જીવદયાના કાર્ય કરવા તે સદા તત્પર રહે છે.

હું, મિત્રો સાથે સોસાયટીના ઝાંપે ઊભો હતો. એટલામાં એક બાઇક સવારે નાના ગલુડિયા ની જોરદાર ટક્કર મારી, ગલુડિયું તરફડવા લાગ્યો. હું અતુલભાઈ ને તરત બોલાવી લાવ્યો.

અતુલભાઈ પોતાના ઘરેથી ચાદર લેતા આવ્યા. ગલુડિયા ચાદરમાં લીધું. હું ગલુડિયાને લઈને અતુલભાઈની બાઈક પાછળ બેઠો.

અમે નજીકમાં આવેલ પશુપંખી-ચિકિત્સાલયમાં પહોંચ્યા. ગલૂડિયાને જરૂરી સારવાર મળી ગઈ. આમ, ગલુડિયા નો જીવ બચી ગયો.

અતુલભાઈ આવાં અનેક સેવાનાં કાર્ય કરતા રહે છે.

પ્રશ્ન 5. તમે કોઈને મદદરૂપ થયા હોવ તે પ્રસંગ વિશે લખો.

ઉત્તર : રીના મારી એક બહેનપણી હતી. એના પપ્પા નું અવસાન થયું હતું અને એની મમ્મી મજૂરી કરતી હતી. તે ભણવામાં હોશિયાર હતી પણ સાવ ગરીબ હતી.

મેં મારી મમ્મીને વાત કરી. મમ્મી ઘર ખર્ચમાંથી બચત કરી મને આપતી. હું મારા પૉકેટ-મનીમાંથી પણ બચત કરતી. મહેમાનો પૈસા આપે તો તે પણ ભેગા કરતી. ભાઈ રક્ષાબંધને આપે તો પૈસા ભેગા કરતી.

આમ, બચત કરીને ભેગા કરેલા પૈસાથી મીનાને ફી, પુસ્તકો તેમજ અન્ય મદદ કરતી.

પ્રશ્ન 6. નીચેની પરિસ્થિતિમાં તમે શું કરશો? વિચારો અને લખો :

1) તમે રસ્તા પર જતા હોવ અને અકસ્માત થયેલો જુઓ તો ...

ઉત્તર : હું રસ્તા પર જતા હોવ અને અકસ્માત થયેલો જોઉં તો તાત્કાલિક સારવાર માટે 108 ગાડી બોલાવું. બીજા લોકોને પણ મદદ માટે બોલાવું .. ભોગ બનેલાને તાત્કાલીક શક્ય એટલી મદદ કરૂં.

(2) રમતાં-રમતાં તમારા મિત્રને ઈજા થાય તો...

ઉત્તર : રમતાં-રમતાં તમારા મિત્રને ઈજા થાય તો એને પ્રાથમિક સારવાર આપું. તાત્કાલિક રાહત થાય એવો ઉપચાર કરું અને તેને તરત જ દવાખાને લઈ જાવ.

(3) પૂર આવે તો ...

ઉત્તર: પૂર આવવાની શક્યતા હોય ત્યારે હું લોકોને તાત્કાલિક ઊંચાણવાળા ભાગોમાં જતા રહેવાની, જાણ કરું. સલામત જગ્યાએ તેમને લઈ જવામાં મદદ કરું, ખાદ્યસામગ્રી, પીવાનું પાણી, કપડાં અને અન્ય સાધનસામગ્રી એકઠી કરી જરૂરિયાતમંદોને પહોંચતી કરું.

(4) તમારી નજર સામે ક્યાં અચાનક આગ લાગે તો ...

ઉત્તર : મારી નજર સામે ક્યાં અચાનક આગ લાગે તો ફાયરસેફ્ટીની સાધનોનો ઉપયોગ કરી. આગ બુઝાવવા તાત્કાલિક પાણીની વ્યવસ્થા કરું. આગમાં સપડાયેલ લોકોને બહાર લાવવાના ઉપાયો કરું. તાત્કાલિક ફાયરબ્રિગેડની સંપર્ક કરી આગ બુઝાવવાની પ્રયત્ન કરું.

પ્રશ્ન 7. નીચેના વિશે ચાર-પાંચ વાક્યો લખો :

(1) ફાયરબ્રિગેડ (2) 108 એમ્બ્યુલન્સ સર્વિસ (3) આપત્તિ વ્યવસ્થાપન કચેરી (ડિઝાસ્ટર મેનેજમેન્ટ) (4) સ્વૈચ્છિક સંસ્થાઓ (એન.જી.ઓ.) (5) ડૉક્ટર

ઉત્તર :

(1) ફાયરબ્રિગેડ

આગને કાબુમાં લેવા અને જાનહાનિ અટકાવવા માટે જે ખાસ પ્રકારની સુવિધા (સવા) ઊભી કરવામાં આવી છે તેને 'ફાયરબ્રિગેડ સર્વિસ' તરીકે ઓળખવામાં આવે છે.

એમાં નોકરી કરતા કર્મચારીઓને ખાસ પ્રકારની તાલીમ તેમજ વિશેષ પ્રકારના ગણવેશ આપવામાં આવે છે. - જેમાં આગ નું જોખમ વધુ હોય, એવાં પેટ્રોલિયમ રિફાઇનરી, ઓઇલ એન્ડ નેચરલ ગેસ કમિશન, રાસાયણિક ખાતર ઉદ્યોગ અને પોતાની આગવી 'ફાયરબ્રિગેડ' વ્યવસ્થા હોય છે.

(2) 108 એમ્બ્યુલન્સ સર્વિસ

અકસ્માતનો ભોગ બનેલા લોકો માટે આ મહત્ત્વની તાત્કાલિક સેવા છે. ટેલિફોન દ્વારા 108 નંબર જોતાં જ, એમ્બ્યુલન્સ હાજર થઈ જાય છે.

તે દર્દીને ઝડપથી નજીકની હોસ્પિટલમાં વિના મૂલ્ય પહોંચાડે છે.

પ્રસૂતિ કે દુર્ઘટના વખતે ગુજરાત સરકારની આ સેવા આશીર્વાદરૂપ છે. ઇમરજન્સી મેનેજમેન્ટ એન્ડ રિસર્ચ ઇન્સ્ટિટયૂટ (EMRI) દ્વારા આ સેવા પૂરી પાડવામાં આવે છે.

(3) આપત્તિ વ્યવસ્થાપન કચેરી (ડિઝાસ્ટર મેનેજમેન્ટ) :

પૂર કે ભૂકંપ જેવી કુદરતી આફતો સામે આપત્તિ વ્યવસ્થાપન કચેરી બચાવ, નિયંત્રણ તેમજ માર્ગદર્શનનું કામ કરે છે. આ કચેરીઓના કર્મચારીઓ આધુનિક ટેકનોલોજી થી સુસજ્જ હોય છે.

તે લોકોને ઓછામાં ઓછું નુકસાન થયું એ માટેની કામગીરી કરે છે.

આ સંસ્થાના બંધારણીય વડા તરીકે ભારતના વડાપ્રધાન હોય છે ને દરેક રાજ્યમાંથી સંસ્થામાં આઠ સભ્યો લેવામાં આવે છે,

(4) સ્વૈચ્છિક સંસ્થાઓ :

સ્વૈચ્છિક સંસ્થાઓ પ્રજાકીય સેવાના કાર્યો, સરકારની કશી મદદ વિના, નહિ નફો – નહિ નુકસાનના ધોરણે કરે છે. રાજ્ય સરકાર જ્યાં પહોચી વળે નહિ, ત્યાં આ પ્રકારની સંસ્થા કાર્યરત રહે છે.

સ્વાસ્થ્ય, શિક્ષણ, પર્યાવરણ, મૂક પ્રાણી, તેમજ શોષિત વર્ગ ના લોકો માટે આ સંસ્થા કામ કરે છે, કેટલાક સંગઠન જ્ઞાતિ આધારિત હોય છે, કેટલાક શહેર પૂરતાં છે, તો કેટલાક સંગઠનો રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય સ્તરના (એન.જી.ઓ.) છે.

(5) ડૉક્ટર

ડૉક્ટર(તબીબ)નો વ્યવસાય સમાજમાં ઉમદા, માનભર્યો અને પવિત્ર ગણાય છે. ડોક્ટર સમાજના બધા વર્ગો સાથે સંકળાયેલા હોય છે. ડૉક્ટરનો મુખ્ય ઉદેશ્ય માનવતા અને સમાજની સેવાનો છે. તેમાં નફો કે આર્થિક વળતર એ ગૌણ બાબત છે. ડૉક્ટરોએ કાયદા ઉપરાંત એમનાં નૈતિક ધોરણ અને વર્તન માટે તબીબી આચારસંહિતાના પાલન કરવાનું હોય છે. વિશ્વના તબીબી મંડળોએ સ્વૈચ્છિક સ્વીકૃતિ, તબીબોના કાર્ય, વર્તન અને ફરજો બાબતમાં સર્વસામાન્ય જો નિયમો બનાવ્યા છે તેને તબીબી આચારસંહિતા કહે છે.

પ્રશ્ન 8. નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ આપો :

(1) નદી કિનારા પાસેની બખોલ - કોતર
(2) પાણી જવા માટે બાંધેલો સાંકડો માર્ગ – ગરનાળું
(3) ઘરની બાજુની દીવાલ – કરો
(4) કોઈ ખાસ પ્રસંગે પોતાની મેળે સેવા આપનાર – સ્વયં સેવક
(5) જીવનનું મુખ્ય કર્તવ્ય – જીવનધર્મ